PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmai l.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૮/ક્વા–૦૨/૧૭–૧૮/ 6343 તા. 02-11-17.

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગઢીયા જયદીપ સુરેન્દ્રભાઈ,
C/O, રાજલક્ષ્મી સ્ટીલ,
એરટેલ ટાવર પાસે,
અંકુર ઈન્ડ. એરીયા
શાપર (વેરાવળ)
મો: ૯૪૨૭૨ ૦૬૯૦૯

**વિષય :–ઓદ્યોગીક જોડાણ મા નામબદલી બાબત– રીવ્યુ અરજી**
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૮/ક્વા–૦૨/૧૭–૧૮) રિવ્યુઅરજી તા. ૬/૯/૧૭

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

ઈ/ચા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૭૮/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગઃ તા. ૨૭–૧૦–૧૭ | સ્થળ : રાજકોટ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામઃ ગઢીયા જયદીપ સુરેન્દ્રભાઈ, ગામઃ રાજકોટ**

**રજુઆત કરનારઃ અરજદાર શ્રી ગઢીયા જયદીપ સુરેન્દ્રભાઈ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

---

## : હુકમ :

**ફરીયાદ : ઓદ્યોગીક જોડાણ મા નામબદલી બાબત– રીવ્યુ અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ, ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૮૧૯૦૧/૦૨૭૫૮/૯ વાળી જગ્યા – મુળ ગ્રાહક શ્રીમતી નર્મદાબેન સવજીભાઈ કાલરીયા ના નામના જોડાણ વાળી જગ્યા – જે, તેઓ શ્રી એ વર્ષ–૨૦૧૧ દરમ્યાન અમીતભાઈ ધીરૂભાઈ સોજીત્રા પાસેથી ખરીદેલ છે. જેથી, સદર જોડાણ મા, મુળ ગ્રાહક શ્રીમતી નર્મદાબેન સવજીભાઈ કાલરીયા ના નામ પરથી, તેઓ શ્રી એટલેકે, ગઢીયા જયદીપ સુરેન્દ્રભાઈ ના નામ પર નામ બદલી કરવાની વિધીસર ની અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી નામ બદલી ની મંજુરી મળેલ ન હોય, તેમજ, અરજદાર જણાવે છે કે – તેઓને ફોરમ કમિટી ની મીટીગ મા – મૌખીક કે લેખીત મા હાજર રહેવા બાબતે ની જાણકારી અપાયેલ ન હતી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા ; અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે, અરજદાર શ્રી ગઢીયા જયદીપ સુરેન્દ્રભાઈ ની અરજી અન્વયે, તેમના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૮૧૯૦૧/૦૨૭૫૮/૯ જે શ્રીમતી નર્મદાબેન સવજીભાઈ કાલરીયા ના નામ થી શ્રી ગઢીયા જયદીપ સુરેન્દ્રભાઈ ના નામે નામ બદલી માટે ની અરજી નુ ફોર્મ ભરેલ છે. જે અરજી ના ફોર્મ મા જેમા, જુના ગ્રાહક શ્રીમતી નર્મદાબેન સવજીભાઈ કાલરીયા ની સહી કરાયેલ નથી. જેથી, તે નામ બદલી માટે નુ ફોર્મ સબંધક કચેરી દ્રારા સ્વીકારવામા આવેલ નથી. જે બાબતે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર દ્રારા – અગાઉ નિર્ણય પત્ર પીજીવીસીએલ / સીજીઆરએફ / ૪૪ / કવા–૦૨/ ૧૭–૧૮ / ૭૦૯૯ તા.૨૮–૦૮–૧૭ થી અરજદાર ને અરજી બાબતે નો નિર્ણય અપાયેલ છે. આમ, અરજદાર શ્રી દ્રારા અરજી ના ફોર્મ મા જુના ગ્રાહક શ્રીમતી નર્મદાબેન સવજીભાઈ કાલરીયા ની સહી કરાયા બાદ, સદર જોડાણ મા નામ બદલી માટે ની આગળ ની કાર્યવાહી કરવામા આવશે. તે મુજબ નો અભિપ્રાય પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી ને અપાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે , બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **<u>૩.૧</u>** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે જણાવાયેલ છે કે, અરજદાર શ્રી ના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૮૧૯૦૧/૦૨૭૫૮/૯ મા, જુના ગ્રાહક શ્રીમતી નર્મદાબેન સવજીભાઈ કાલરીયા ના નામ પર થી શ્રી ગઢીયા જયદીપ સુરેન્દ્રભાઈ ના નામે નામ બદલી માટે, નિયંત અરજી ફોર્મ મા જુના ગ્રાહક શ્રીમતી નર્મદાબેન સવજીભાઈ કાલરીયા ની સહી થયા બાદ, નામ બદલી માટે ની આગળ ની કાર્યવાહી કરવામા આવશે. જે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોય, તે મુજબ નો નિષ્કર્ષ ફોરમ કમિટી તરફથી થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>**

**<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ મુજબ ના અહેવાલ ની વિગતો ને ધ્યાને લઈને, સદર નામ બદલી ના કેઈસ મા, નિયત અરજી ફોર્મ મા જુના ગ્રાહક ની સહી ફરજીયાતં છે. તે બાબતની જાણકારી બન્ને પક્ષકાર ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.